## વડીલોને વંદન
## અભિનંદન



મનોરમાબેન કે. જોષી
(૧૯૩૭) મો. ૯૯૯૮૦૫૮૮૪૪

## આજે અંધ શાળા ખાતે વિવિધ સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર અંધશાળા અને રોટરેકટ કલબ ઓફ અમદાવાદ (બ્લાઈન્ડ)ના સંયુકત ઉપક્રમે તા. ૧૪ સપ્ટેમ્બરના રોજ હીન્દી દિન તથા અંધ ધ્વજદિન નિમિત્તે અંધશાળા સેકટર-૧૬ ગાંધીનગર ખાતે સંગીત સ્પર્ધા, ગદ્યાર્થ ગ્રહણ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ સવારે ૧૧.૩૦ થી ૧.૩૦ દરમિયાન યોજાશે.

## મોદીના નામની જાહેરાત પહેલા ઉજવણી શરૂ થઈ ગઈ હતી

નવી દિલ્હી,તા. ૧૩

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે ભાજપે આજે જાહેર કર્યા હતા. મોદીની દાવેદારી આજે સવારમાં નક્કી થઈ



ગયા બાદ ઉજવણીનો દોર શરૂ થઈ ગયો હતો. મોદીના લાખો કાર્યકરો ભારે ઉત્સાહમાં આવી ગયા હતા અને ચારેય બાજુ ઉજવણી શરૂ થઈ ગઈ હતી. મોદીના નામની દિલ્હીમાં વિધિવત જાહેરાત થાય તે પહેલા જ જુદા જુદા શહેરોમાં ફટાકડા ફોડીને ઉજવણી કરવામાં આવી હતી જેમાં દિલ્હીમાં પણ આવો જ નજારો જવા મળ્યો હતો. મોદીના નામની સાંજે સાત વાગ્યાની આસપાસ જાહેરાત કરવામાં આવી હતી તે પહેલા ભાજપના કાર્યકરો ખુલ્લા મેદાનમાં આવી ગયા હતા અને ઉજવણી કરવા લાગી ગયા હતા.

# નરેન્દ્ર મોદીને દેશના લોકો સ્વીકારશે નહીં : દિગ્વિજય

### નરેન્દ્ર મોદી પર દિગ્વિજયના આકરા પ્રહારો : કોંગ્રેસની લડાઈ કોઈ એક વ્યક્તિ સામે નથી: કોંગ્રેસ નેતા

નવી દિલ્હી,તા. ૧૩


નરેન્દ્ર મોદીને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવે તે પહેલા જ કોંગ્રેસની છાવણીમાં નિવેદનો અને ટિકાટિપ્પણીનો દોર શરૂ થઈ ગયો હતો. નરેન્દ્ર મોદી ઉપર પ્રહારો કરતા કોંગ્રેસના મહાસચિવ દિગ્વિજયસિંહે કહ્યુ હતુકે મોદીને દેશના લોકો ક્યારે પણ સ્વીકારશે નહીં. દિગ્વિજયસિંહ અને મોદી વચ્ચે અગાઉ પણ આક્ષેપબાજીનો દોર ચાલતો રહ્યો છે. મોદીની ભૂમિકા અંગે પ્રહારો કરાત દિગ્વિજયસિંહે કહ્યુ હતુ કે મોદીને દેશ ક્યારે પણ સ્વીકાર કરશે નહીં. તેમણે એમ પણ કહ્યુ હતુ કે જે વ્યક્તિએ પોતાની અંગત મહત્વકાંક્ષાના કારણે પોતાના ગઠબંધનને તોડી પાડવામાં ભૂમિકા ભજવી છે તે વ્યક્તિ દેશને સંગઠિત રાખી શકે નહીં. દેસના લોકો પણ તેમનો સ્વીકાર કરશે નહીં. દિગ્વિજયસિંહે કહ્યુ હતુ કે મોદી તેમની પાર્ટી માટે કોઈ મુદ્દો નથી. મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા બાદ કોંગ્રેસને હવે તેમની સાથે ટક્કર લેવી પડશે તેવા પ્રશ્નના જવાબમાં દિગ્વિજયસિંહે કહ્યુ હતુ કે અમારી ટક્કર કોઈ વ્યક્તિ સાથે નથી બલકે વિચારધારા સાથે છે જે સાંપ્રદાયિક દુશ્મનાવટ ફેલાવે છે. દિગ્વિજયસિંહે કહ્યુ હતુકે ભાજપે હંમેશા ધ્રુવિકરણ મારફતે બે જૂથોને અલગ કર્યા છે. તેમણે એમ પણકહ્યુ હતુકે ઉત્તરપ્રદેશના મુજફ્ફરનગરમાં થયેલી સંપ્રયાદિક હિંસામાં પણ ભાજપનો હાથ છે. બીજી બાજુ મોદીને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા બાદ કોંગ્રેસના નેતાઓએ પોતાની પ્રતિક્રિયાઓ આપી હતી. એક બાજુ દિગ્વિજયસિંહ મોદી પર તીવ્ર પ્રહારો કર્યા હતા જ્યારે બીજી બાજુ કેન્દ્રિય પ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠનેતા કપિલ સિબ્બલે પણ આકરી પ્રતિક્રિયા આપી હતી અને કહ્યુ હતુકે અમારા માટે આ કોઈ મુદ્દો નથી. કોંગ્રેસ પાર્ટી પોતાની રીતે આગળ વધશે. મોદીની નિમણૂંક ભાજપનો આંતરિક મામલો છે.

## મોદીની નિમણૂંકથી અડવાણી નારાજ : રાજનાથસિંહને પત્ર

### રાજનાથની કામ કરવાની પદ્ધતિ સામે પ્રશ્નો કર્યા : મોદીની નિમણૂંકને લઈને ભાજપના કેટલાક સભ્યોમાં હજુ નારાજગી : અડવાણી શરૂઆતથી જ વિરોધી હતા

નવી દિલ્હી,તા. ૧૩

ભાજપ સંસદીય બોર્ડની બેઠક બાદ આજે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા જો કે પક્ષના વરિષ્ઠનેતા અડવાણીની નારાજગી સ્પષ્ટપણે સપાટી પર આવી ગઈ હતી. અડવાણીએ મોદીની નિમણૂંક અંગે ભાજપ પ્રમુખ રાજનાથસિંહને પત્ર લખીને તેમની નારાજગી વ્યક્ત કરી હતી. અડવાણીએ રાજનાથસિંહની કામ કરવાની રીત અંગે પણ નારાજગી વ્યક્ત કરી હતી. બીજી બાજુ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ



ચૌહાણે કહ્યુ હતુ કે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત ઉંચાઈઓને સ્પર્શ કરશે. નાગરિકોને વધુ સુવિધા અને વિકાસની તકો ઉપલબ્ધ કરાવવામાં આવશે. ભાજપના તમામ વરિષ્ઠ નેતાઓએ એક પછી એક આવીને મોદીને અભિનંદન આપ્યા હતા અને ત્યારબાદ પત્રકાર પરિષદ પૂર્ણ કરાઈ હતી. મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા ત્યારે રાજનાથસિંહ ઉપરાંત પક્ષના તમામ ટોચના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા જેમાં સુષ્મા સ્વરાજ, અનંતકુમાર, મુરલીમનોહર જોષીનો સમાવેશ થાય છે. ભાજપની અંદર કેટલાક નેતાઓ મોદીથી નાખુશ દેખાઈ રહ્યા હતા જેમાં સુષ્મા સ્વરાજ અને મુરલી મનોહર જોષીનો આમા સમાવેશ થાય છે. આ બંને ટોચના નેતાઓને મોદી મુદ્દે મનાવી લેવામાં આવ્યા હતા.



સેકટર-૩માં રામેશ્વર મંદિરમાં ગણેશ મહોત્સવ નિમિત્તે યોજાયેલ ગણેશની ભક્તિમય ભક્તોની આરતીની તસવીર. (તસવીર : કે. કે. કડિયા)

# પેથાપુરના ગોપી મહિલા મંડળ દ્વારા સામાજિક સેવા

### અમદાવાદ સિવિલ હોસ્પિટલના કેન્સર વિભાગમાં રૂ. ૫૧ હજારનું દાન

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના પાદરાના પેથાપુર ગામમાં છેલ્લા ૩૦ વર્ષથી કાર્યરત એવા ગોપી મહિલા મંડળ દ્વારા ગામના સર્વાંગિ વિકાસમાં મહત્વનું યોગદાન આપતી સંસ્થા છે. આ સંસ્થા ગામમાં ઘરે ઘરે ફરી ભજન કીર્તન કરી તેમાંથી મળેલ દાન કે ભેટ ગામના સર્વાંગી વિકાસ અર્થે અનુમોદન આપે છે.

ગોપી મહિલા મંડળ દ્વારા અનેક ઉપયોગી કામગીરી કરવામાં આવે છે. સાર્વજનિક વિકાસ ટ્રસ્ટ પેથાપુર દ્વારા બનાવાયેલ સ્મશાન ગૃહના બાંધકામ ખાતે પણ આ ગોપી મહિલા મંડળે આર્થિક સહાય કરી હતી. સાથે સાથે રથયાત્રા, કૃષ્ણ જન્મોત્સવ જેવા ધાર્મિક કાર્યક્રમોમાં ગોપી મહિલા મંડળ આર્થિક યોગદાન આપે છે. અગાઉ પણ ગામના હિતાર્થે ભાગવત કથાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો તમામ ખર્ચ મંડળની બહેનોએ એકત્રિત કરીને સુંદર કાર્યક્રમ કર્યો હતો. છેલ્લા ૩૦ વર્ષથી આ ગોપી મહિલા મંડળ પેથાપુર ગામમાં પોતાની સેવાઓ આપે છે. અને તેના થકી મળેલ રકમ યોગ્ય કામમાં વાપરે છે. તાજેતરમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલના કેન્સર ડિપાર્ટમેન્ટમાં રૂપિયા ૫૧,૦૦૦નો ડિમાન્ડ ડ્રાફ્ટ ટ્રસ્ટીઓને આપ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગોપી મહિલા મંડળના પ્રમુખ લીલાબેન અમૃતલાલ સોની, કલાબેન ગજ્જર, શારદાબા ભટ્ટ, રમાબેન ડોડીયા અને જશોદાબેન ભટ્ટ તેમજ સાર્વજનિક વિકાસ ટ્રસ્ટના પ્રમુખ અમૃતલાલ સોની, જે.સી. પટેલ, ઉત્તમભાઈ સોની, સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નરેન્દ્ર મોદીની વડનગરથી દિલ્હી સુધીની સફર

### મોદીની વધુ એક ઐતિહાસિક સફળતા

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી દીધી હતી અને પોતાની યશકલગીમાં વધુ એક મોરપીંછું ઉમેરી લીધુ હતુ. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં હેટ્રીક નોંધાયા બાદ હવે મહિનાઓ સુધી સસ્પેન્સ રહ્યા બાદ ભાજપે તેના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે મોદીના નામની જાહેરાત કરી દીધી હતી. મોદીની વડનગરથી દિલ્હી સુધીની સફર નીચે મુજબ છે.

- ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના અનેક નાનકડા ગામ વડનગરમાં સપ્ટેમ્બર, ૧૯૫૦માં જન્મેલા નરેન્દ્ર મોદીનો ઉછેર એક નવા વાતાવરણમાં થયો, જેનાથી તેમના પર ઉદારતા, પરોપકાર અને સામાજિક સેવા જેવા મુલ્યોનો પ્રભાવ પડ્યો. સાંઈઠના દાયકાના મધ્યમાં ભારત-પાક યુદ્ધ દરમિયાન, નાની ઉંમર હોવા છતાં પણ, તેમણે રેલવે સ્ટેશનો પર સ્થળાંતર વખતે સૈનિકોની સ્વૈચ્છિક સેવા કરી હતી.
- ૧૯૬૭માં તેમણે ગુજરાતના પુરપીડીતોની સેવા કરી હતી. ઉતકૃષ્ટ સંગઠનાત્મક સામર્થ્ય અને મનોવિજ્ઞાનમાં ઉંડી આંતરસુઝ હોવાના કારણે તેઓ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં (એબીવીપી) પોતાની સેવાઓ આપી હતી અને ગુજરાતમાં જુદા જુદા સામાજિક રાજકીય આંદોલનોમાં એક મહત્વની ભૂમિકા નિભાવી હતી.
- પોતાની કિશોરાવસ્થાના દિવસોથી જ તેમણે ઘણી મુશ્કેલીઓ અને તકલીફોને સામનો કર્યો હતો, પરંતુ તેમણે પોતાના સશક્ત વ્યક્તિત્વ અને સાહસં દ્વારા દરેક પડકારોને અવસરમાં ફેરવી નાખ્યા.
- તેમણે ભારતના સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરનાર સંગઠન, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)માં થી શરૂઆત કરી અને નિઃસ્વાર્થતા, સામાજિક જવાબદારી, સમર્પણ અને રાષ્ટ્રવાદીની ભાવનાને આત્મસાત કરી.
- આર.એસ.એસ.માં પોતાના કાર્યકાળ દરમિયાન નરેન્દ્ર મોદીએ ૧૯૭૪ના ભ્રષ્ટાચાર વિરોધી નવનિર્માણ આંદોલન અને ૧૯ મહિના (જુન ૧૯૭૫ થી જાન્યુઆરી ૧૯૭૭) જેટલા લાંબા સમયની ભયંકર કટોકટી દરમિયાન ભૂગર્ભમાં રહીને ગુપ્ત રીતે કેન્દ્ર સરકારની ફાસીવાદી નીતિ વિરૂદ્ધમાં જોશપૂર્ણ લડાઈ લડીને લોકશાહીની ભાવનાનો જીવંત રાખી.
- ૧૯૭૮માં તેમણે ભાજપમાં જોડાઈને રાજકારણની મુખ્યધારામાં પ્રવેશ કર્યો. એક જ વર્ષની અંદર, ગુજરાત એકમના મહામંત્રીના પદ પર તેમની વરણી થઈ. ૧૯૯૦માં કેન્દ્ર મિશ્ર સરકાર બની. આ રાજકીય જોડાણ કેટલાક મહિનાઓની અંદર જ તુટી ગયું પરંતુ ૧૯૯૫માં ભાજપ પોતાના બળ ઉપર ગુજરાતમાં બે તૃતીયાંશ બહુમથી સાથે સત્તામાં આવ્યો. ત્યારથી ગુજરાતમાં ભાજપ સત્તાનો દોર સંભાળી રહેલ છે.
- ૧૯૮૮ થી ૧૯૯૫ દરમિયા મોદીએ લાલકૃષ્ણ અડવાણીના સોમનાથથી આયોધ્યા સુધીની અત્યંત લાંબી રથયાત્રા અને ભારતના દક્ષિણમાં આવેલા કન્યાકુમારીથી ઉત્તરમાં કાશ્મીર સુધીની યાત્રામાં મહત્વની ભૂમિકા ભજવી.
- ૧૯૯૫માં તેમને પક્ષના રાષ્ટ્રીય સચિવ નિયુક્ત કરવામાં આવ્યા અને તેઓને ભારતના પાંચ મહત્વના રાજ્યોનો હવાલો સોંપવામાં આવ્યો હતો. ૧૯૯૮માં તેમને મહાસચિવ (સંગઠન)ના પદ ઉપર બઢતી આપવામાં આવી હતી. ઓક્ટોબર ૨૦૦૧માં ભારતના સૌથી સમૃદ્ધ અને પ્રગતિશીલ રાજ્યોમાંના એક એવા ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પસંદ કરવામાં આવ્યા.
- ઓક્ટોબર ૨૦૦૧માં પક્ષ દ્વારા તેમને ગુજરાત સરકારનું સુકાન સોંપવામાં આવ્યું. મોદીએ જ્યારે ૭મી ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ શપથ ગ્રહણ કર્યા ત્યારે ગુજરાત જાન્યુઆરી, ૨૦૦૧માં આવેલ વિનાશક ભૂંકપ સહિતની અન્ય ઘણી કુદરતી આપત્તિઓની વિપરિત અસરોમાંથી પસાર થઈ રહ્યું હતું. જો કે એક કુશળ વ્યૂહરચનાકાર એવાં મોદીએ પોતાના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અનુભવનો લાભ લઈને આ સમસ્યા સામે પુરા જોશથી બાથ ભીડવાનું નક્કી કરી લીધું.
- તેમના નેતૃત્વ હેઠળ શિક્ષણ કૃષિ અને આરોગ્ય સેવા સહિત અનેક ક્ષેત્રોમાં મોટું પરિવર્તન જોવા મળી રહ્યું છે. તેમણે રાજ્યના ભવિષ્ય માટે પોતાની એક સ્પષ્ટ દ્રષ્ટિ કેળવી, નીતી આધારીત સુધારણા કાર્યક્રમ શરૂ કર્યા, સરકારના વહીવટી માળખાંની પુનવ્યવસ્થા કરી અને ગુજરાતને સફળતાપૂર્વક સમૃદ્ધિના માર્ગ પર લાવી દીધું. તેમના આશયો અને ક્ષમતા તેમના સત્તામાં આવ્યાના ૧૦૦ દિવસોની અંદર જ ગણાઈ ગઈ.
- ડિસેમ્બર ૨૦૦૨ની સામાન્ય ચૂંટણીઓમાં, દેખીતી રીતે જ ભવ્ય વિજય મળ્યો અને મોદી સરકાર ૧૮૨ બેઠકોના ગૃહમાં ૧૨૮ બેઠકોની જંગી બહુમતી સાથે ફરીથી ચૂંટાઈ હતી. ૨૦૦૭ની ચૂંટણીઓમાં પણ ફરી એકવાર મોદીના નેતૃત્વ હેઠળ ભાજપને જંગી વિજય મળ્યો. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૨ના રોજ નરેન્દ્ર મોદીએ ગુજરાતના લોકોની સેવામાં ૪૦૦૦ દિવસ પૂર્ણ કર્યા. સતત ત્રણ ચૂંટણીઓમાં ગુજરાતના લોકોનો સ્નેહ અને ટેકો મળતો રહ્યો. ૨૦૦૨ અને ૨૦૦૭ની ચૂંટણીઓમાં વિજય બાદ ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીઓમાં ફરી એકવાર મોદીના નેતૃત્વ હેઠળ ભાજપે જંગી બહુમતી પ્રાપ્ત કરી. ભાજપને ૧૧૫ બેઠકો મળી અને ૨૬ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ મોદીએ સળંગ ચોથીવાર ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા.
- ૧૩મી સપ્ટેમ્બર ૨૦૧૩ના દિવસે મોદીને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા.

### ગુજરાતમાં ખરીફ પાકના વીમાના દાવાઓ અંગે

# ખેડૂતોને વહેલી તકે પુરેપુરું વળતર મળે તે માટે કેન્દ્ર સરકાર સત્વરે પગલા લે

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતના ખેડૂતોને વર્ષ ૨૦૧૨ના ખરીફ પાકના દાવાઓ બાબતે ગુજરાતના ખેડૂતોને વહેલી તકે પાક વિમા યોજના હેઠળ પુરેપુરૂ વળતર મળે તે માટે રાજયના કૃષિ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ આજે કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી શરદ પવારજીને પત્ર દ્વારા ધારદાર રજૂઆત કરી છે તેમ પ્રવકતા મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે.

રાજયમાં છ લાખથી વધુ ખેડૂતોએ ખેતી માટે બેંક લોન લીધી હતી તેનો વીમો પણ બેંક દ્વારા લેવાય છે અને પ્રીમીયમ પણ બેંક દ્વારા જ ભરાય છે. ખેડૂતોને જે વળતર પેટે રકમ ચુકવવાની છે તે માટે કેન્દ્ર સરકારની માલિકીની એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયામાં રૂ. ૫૯૦ કરોડ જેટલી માતબર રકમ અગાઉથી જ ગુજરાત સરકારે જમા કરાવી છે આ યોજનાની પધ્ધતિ મુજબ ખેડૂતોને જે વળતર ચુકવાય તેની તેમાં ૫૦ ટકા રાજય સરકાર અને ૫૦ ટકા કેન્દ્ર સરકારનો હિસ્સો હોય છે. પરંતુ કેન્દ્ર સરકારે આ યોજના હેઠળ જે રકમ અત્યારે ફાળવી છે તેમાંથી ખેડૂતોને ભાગ પાડીને રકમ ચુકવો તેવું કહેવામાં આવ્યું છે જેનાથી રાજયના ખેડૂતોને ખુબ જ નુકશાન થયું અને ૫૦ ટકાની રકમ પણ મળતી નથી.

કૃષિ મંત્રીશ્રી બોખીરીયાએ કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રીને જણાવ્યું છે કે જે ખેડૂતોએ વિમો લીધો હોય તેને ચુકવવાની થતી પુરેપુરી રકમ કેન્દ્ર સરકાર ચુકવે ભલે વધારાની ચુકવવી પડે. વધારાની જે રકમ ચુકવવાની થતી હોય તેમાં રાજય સરકાર પોતાનો હિસ્સો આપવા તૈયાર છે પરંતુ કેન્દ્ર સરકાર ૫૦ ટકા હિસ્સો આપવો ન પડે તે માટે ઠાગા ઠૈયા કરી રહી છે અને ખેડૂતોને વળતર આપવામાં વિલંબ થઈ રહ્યો છે જે નિવારવા કેન્દ્ર સરકાર સત્વરે નિર્ણય લે તે જરુરી છે.

## શબ્દાવલી - ૫૧૭૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | |
| | | ■ | ૭ | ૮ | ■ | | ■ |
| | ■ | ૯ | | | | | ૧૦ |
| ■ | ૧૧ | | | ■ | ■ | ૧૨ | |
| ૧૩ | | | | ■ | ૧૪ | | ■ |
| ૧૫ | | ■ | ૧૬ | ૧૭ | | ■ | ૧૮ |
| ■ | ૧૯ | ૨૦ | ■ | ૨૧ | | ■ | |
| ૨૨ | | | ■ | ૨૩ | | | |

### આડી ચાવી

૧. ન્યૂઝ, ખબર (૪)
૪. ફેલાવો, જાણ કરવી (૩)
૬. તુક્કા (૨)
૭. વાળવું, કપડાને... કરવી (૨)
૯. એક બાળરમત (૬)
૧૧. એક કઠોળ (૩)
૧૨. તોપ (૨)
૧૩. 'મગદળ' શબ્દ આડોઅવળો (૪)
૧૪. બળવાન, બહાદુર (૨)
૧૫. લોઢી (૨)
૧૬. કેડી, રસ્તો (૨)
૧૯. એક તેલીબીયાં (૨)
૨૧. ... અને ઉધાર બંને પાસા જોવા જોઈએ (૨)
૨૨. તહોમત, આળ (૩)
૨૩. ફાયદો, લાભ (૪)

### ઊભી ચાવી

૧. જાગૃત, સતેજ (૩)
૨. પરીક્ષામાં મેળવેલ ગુણ (૨)
૩. જેમતેમ કરીને, ધીમે ધીમે (૬)
૫. ચામડા જેવી ટકાઉ વસ્તુ ને પણ ઓછા વપરાશે તોડી નાખે તેવો (૫)
૮. ડીયો, અંગુઠો બતાવી ના કહેવી તે (૨)
૯. અડદિયામાં આનો લોટ નંખાય (૩)
૧૦. ગુસ્સો, ક્રોધ (૨)
૧૧. અટકચાળુ, તોફાની (૫)
૧૩. વિચાર, વોટ (૨)
૧૪. ખુબ હોવું તે, અતિશય (૪)
૧૭. આશ્ચર્ય, નવાઈ (૩)
૧૮. પહાડ, ડુંગર (૩)
૨૦. ... કરવી, ખોટી પંચાત કર્યા કરવી (૨)

### શબ્દાવલી ૫૧૭૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) લેબોરેટલી (૪) અલી (૫) કલીયુગ (૬) ગુલામ (૯) મહી (૧૧) ડફલી (૧૨) અચેત (૧૩) કોલ (૧૪) પતી (૧૫) નિડર (૧૬) ફના (૧૯) પનાહ (૨૧) મધરાત (૨૨) નજર

**ઊભી ચાવી :-** (૧) લેભાગુ (૨) ટક (૩) રીલીફ (૪) અગમચેતી (૭) લાડકોડ (૮) મફલર (૧૦) હીત (૧૨) અપનાપન (૧૫) નિયમ (૧૭) પ્રહર (૧૮) વાત (૨૦) નાજ

# આવતીકાલે ૨૩ ગરીબ કલ્યાણ મેળાોમાં ૭૬૦૯.૬૮ લાખની સહાય ચુકવાશે

રાજ્ય સરકાર દ્વારા ગરીબોને આર્થિક રીતે સદ્ધર બનાવવા -તિવર્ષ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરાય છે. ચાલુ વર્ષે છઠ્ઠા રાઉન્ડમાં યોજાઇ રહેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં આવતીકાલ તા. ૧૪-૯-૨૦૧૩ના રોજ યોજાનાર ૨૩ ગરીબ કલ્યાણ મેળાઓમાં રૂા. ૭૬૦૯.૬૮ લાખની સહાય ચુકવવામાં આવશે, એમ વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્યની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર ગરીબ કલ્યાણ મેળાના આ રાઉન્ડમાં સમગ્ર રાજ્યમાં ૪૬ તાલુકાઓ અને ૪૩ નગરપાલિકા વિસ્તારમાં યોજાઇ રહ્યા છે. આ તાલુકાઓમાં રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ રૂા. ૨૪,૭૮૮.૮૧ લાખની સહાયનું વિતરણ કરવાની કામગીરી પૂર્ણ થશે. જે હેઠળ ૧૪૯૭૪૦ લાભાર્થીઓ લાભાન્વિત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૧૪-૯-૨૦૧૩ને શનિવારના રોજ યોજાનાર ગરીબ કલ્યાણ મેળાઓ દરમ્યાન આવાસ યોજનાઓ હેઠળ ૧૬,૫૫૫ લાભાર્થીઓને રૂા. ૪,૯૫૫.૫૨ લાખ, રોજગાર યોજનાઓ હેઠળ ૧૧,૬૮૦ લાભાર્થીઓને રૂા. ૬૩૩.૨૭ લાખ, ખેતીવાડી યોજનાઓ હેઠળ ૩૩૭૨ લાભાર્થીઓને રૂા. ૧૮૯.૫૬ લાખ, સામાજીક સુરક્ષા યોજનાઓ હેઠળ ૧૧૦૫ લાભાર્થીઓને રૂા. ૪૧.૩૧ લાખ, માતૃબાળ કલ્યાણ યોજનાઓ હેઠળ ૩૨૬૭ લાભાર્થીઓને રૂા. ૧૮૨.૦૪ લાખ, સમાજકલ્યાણ યોજનાઓ હેઠળ ૩૮૨૮ લાભાર્થીઓને રૂા. ૨૧૪.૯૫ લાખ, અન્ય મોટી યોજનાઓ હેઠળ ૬૬૫૫ લાભાર્થીઓને રૂા. ૮૯૦.૫૩ લાખ અને અન્ય નાની યોજનાઓમાં ૧૧૦૭૭ લાભાર્થીઓને રૂા. ૫૦૨.૮૦ લાખ મળી કુલ ૫૭,૫૩૯ લાભાર્થીઓને રૂા. ૭૬૦૯.૬૮ લાખની સહાયનું વિતરણ કરાશે. તા. ૧-૪-૨૦૧૩થી મેળાના અગાઉના દિવસ સુધી જુદી જુદી યોજનાઓ હેઠળ ૯૨૨૦૧ લાભાર્થીઓને રૂા. ૧૭૧૭૯.૧૩ લાખની સહાય ચુકવવામાં આવી છે.

## ઉમેદવાર જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવશે. પોતાની કુશળતા સાબિત કરવામાં પણ તેઓએ ખાતરી આપી હતી. દેશને સંકટમાંથી ઉગારવા કરોડોના આશિર્વાદની ઈચ્છા પણ મોદીએ વ્યક્ત કરી હતી. મીડિયાનો પણ મોદીએ આભાર માન્યો હતો. ૨૦૧૪માં દેશ ભ્રષ્ટાચાર મુક્ત થાય અને મોંઘવારી ઓછી થાય તેવા પ્રયાસ કરવામાં આવશે. ભાજપના વરિષ્ઠ નેતા વિજય ગોયલે કહ્યુ હતુ કે મોદીના નેતૃત્વમાં ભાજપ ઐતિહાસિક જીત મેળવવાની દિશામાં આગળ વધશે. મોદી પાન ઈન્ડિયા અપીલ ધરાવે છે અને સમાજના તમામ વર્ગોમાં અને ખાસ કરીને યુવાનોમાં ખૂબ લોકપ્રિય છે. ભાજપ આગામી વિધાનસભાની ચૂંટણી અને લોકસબાની ચૂંટણીમાં બહુમતિ મેળવશે તેવો દાવો વિજય ગોયલે કર્યો હતો.

## વિધિવત શરૂઆત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંખ્યામાં શ્રદ્ધાળુઓના ધસારાને ધ્યાનમાં લઈને તંત્ર દ્વારા તમામ પગલાં લેવામાં આવ્યા છે. શ્રદ્ધાળુઓની સુરક્ષા વ્યવસ્થા માટે મોટી સંખ્યામાં જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. સંવેદનશીલ જગ્યાઓ પર સીસી ટીવી કેમેરા તૈનાત કરવામાં આવ્યા છે. ૩૫૦૦ જેટલા જવાન તૈનાતી માટે ગોઠવાઈ ગયા છે. ૧૧૪ પોલીસલ સબ ઈન્સ્પેક્ટર, હજારોની સંખ્યામાં હોમગાર્ડના જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. આતંકવાદી હુમલા અથવા તો બીજી કોઈ પણ દુર્ઘટનાને ટાળવા માટે પગલાં લેવામાં આવી ચૂક્યા છે. મોટી સંખ્યામાં સ્વૈચ્છિક સંસ્થાઓ પણ શ્રદ્ધાળુઓની સુવિધા માટે જુદા જુદા માર્ગો પર પોતાની છાવણીઓ સ્થાપિત કરી ચૂકી છે જ્યાં શ્રદ્ધાળુઓને ખાવાપીવાની ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. કેટલીક જગ્યાઓ ઉપર આરોગ્ય છાવણીઓ પણ સ્થાપિત કરવામાં આવી છે. જ્યાં શ્રદ્ધાળુઓને આરોગ્યને લગતી માહીત અપાઈ રહી છે. ભાદરવી પૂનમના મહામેળાને ધ્યાનમાં રાખીને અંબાજી તરફ જવાના વિવિધ માર્ગો ઉપર પૂરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. માર્ગો ઉપર ચેકપોસ્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે. ચકાસણીની ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી છે. મોટી સંખ્યામાં પોલીસ જવાનોને એલર્ટ રાખવામાં આવ્યા છે. સાત દિવસ સુધી હવે મેળો ચાલશે.

## અંદાજ મંગાવ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ગત વર્ષ દરમિયાન ફૂટપાથની બાકી રહેતી કામગીરી માટે તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે શહેરના રોડ નં. ૧, રોડ નં. ૭, ખ-૦થી ખ-૨ તેમજ સે-૨૬ સ્થિત એન્જિનીયરીંગ કોલેજ તરફના માર્ગ સહીત ૨૪ કી.મી.ના વિસ્તારમાં ફૂટપાથની કામગીરી બાકી હોવાનુ ધ્યાને આવતા આ કામ પૂર્ણ કરવા તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. જે અન્વયે વિભાગ કક્ષાએથી પેવર બ્લોક ફૂટપાથ તેમજ ચેકર ટાઈલ્સ સંદર્ભે ખર્ચનો અંદાજ મોકલવા તંત્રને જણાવ્યુંછે. બાકી કામગીરી રીમોટ વિસ્તારમાં કરવાની થતી હોવાથી ફૂટપાથને નૂકશાન ન પહોંચે તે મુજબ કામ હાથ ધરવા વિચારણા હાથ ધરવામાં આવી છે. ટૂંક સમયમાં ફૂટપાથના બાકી કામને મંજૂરી આપી દેવાશે.

## કંપની સમાચાર

### ઈન્ડિયા ઇન્ફોલાઇન ફાઇનાન્સ લિમિટેડ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ રૂ. ૧૦,૫૦૦ મિલિયન સુધીની રકમના સિક્યોર્ડ રિડીમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એનસીડી)ના જાહેરે ભરણાનો પ્રારંભ કરશે

ઈન્ડિયા ઈન્ફોલાઈન લિમિટેડની એનબીએફસીનું સ્વરૂપ ધરાવતી પેટાકંપની ઈન્ડિયા ઈન્ફોલાઈન ફાઈનાન્સ લિમિટેડ (''કંપની'' અથવા ''ઈશ્યૂઅર'') કુલ ૧૦,૫૦૦ મિલિયન (''ઈશ્યૂનું એકંદર કદ'') સુધીની રકમ એકત્ર કરવા માટે રૂ. ૫,૨૫૦ મિલિયન સુધીના ઓવરસબ્સ્ક્રિપ્શનને પોતાની પાસે રાખવાના વિકલ્પ સાથે રૂ. ૫,૨૫૦ મિલિયન સુધીની રકમ (''ઈશ્યૂનું મૂળ કદ'') ઊભી કરવા માટે પ્રત્યેક ''એનસીડી''દીઠ રૂ. ૧,૦૦૦ની મૂળકિંમત ધરાવતા સિક્યોર્ડ રિડીમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સના જાહેર ભરણાનો ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ પ્રારંભ કરશે.

આ એનસીડી માસિક અને વાર્ષિક વ્યાજની ચૂકવણીનો વિકલ્પ ધરાવે છે અને માસિક વ્યાજના વિકલ્પમાં પ્રતિ વર્ષ ૧૨.૬૮ ટકાની અને વાર્ષિક વ્યાજના વિકલ્પ માટે પ્રતિ વર્ષ ૧૨ ટકાની ઉપજ બેસે છે. એનસીડીની મૂળકિંમત રૂ. ૧,૦૦૦ની છે અને ઓછામાં ઓછાં રૂ. ૫,૦૦૦ (પાંચ એનસીડી) માટે અરજી કરી શકાય છે. આ એનસીડી ત્રણ વર્ષ અને પાંચ વર્ષનો મૂડીરોકાણની મર્યાદાનો ગાળો ધરાવે છે. આ ઈશ્યૂ ૪ ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ બંધ થાય છે.

ઈન્ડિયા ઈન્ફોલાઈન ગ્રૂપના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આર. વેંકટરામને જણાવ્યું હતું કે, ''અમે અત્યારના પડકારજનક આર્થિક માહોલમાં પણ ચોખ્ખા એનપીએનું નીચું સ્તર સફળતાપૂર્વક જાળવ્યું છે, જે અમારી ક્રેડિટ એપ્રેઈઝલની મજબૂત પ્રક્રિયા અને આંતરિક નિયંત્રણની સિસ્ટમ્સને પ્રતિબિંબિત કરે છે. અમે માસિક વ્યાજના વિકલ્પ ઉપર પ્રતિ વર્ષ ૧૨.૬૮ ટકાનો આકર્ષક ઊપજ દર આપી રહ્યાં છીએ.